તા. ૨-૮-૨૦૨૪
સંદેશ
પાના નં. ૧

# ઓગસ્ટના અંત સુધીમાં અમદાવાદ ગાંધીનગર વચ્ચે મેટ્રો દોડતી થશે

। ગાંધીનગર (સં.ન્યૂ.સ)

ગાંધીનગર વાસીઓને મેટ્રો રેલની સફર માટે હજુપણ એક મહિનો રાહ જોવી પડેશે. જુલાઈના અંતમાં શરૂ થનાર મેટ્રોરેલ એક મહિનો હજુપણ લંબાય તેવી શક્યતા જોવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, મોટેરાથી ગાંધીનગર વચ્ચે મેટ્રોરેલ પ્રોજેક્ટનું મોટાભાગનું કામ પુર્ણ થયુ છે. તમામ ૨૨ સ્ટેશનો તૈયાર છે. સુઘડ નજીક નર્મદા કેનાલના કેબલ સ્ટેડ બ્રીજ પરના મેટ્રો ટ્રેકનું લોડ ટેસ્ટીંગની કામગીરી પુર્ણ કરાઈ હતી. મેટ્રોટ્રેક પૈકી સેક્ટર-૧ સુધીનો ટ્રેક બનીને તૈયાર થઈ ગયો છે. આ ટ્રેક પર આવેલા તમામ સ્ટેશનોની કામગીરી પુર્ણ કરાઈ છે. મેટ્રોરેલ ટ્રાયલની કામગીરી પણ પુર્ણ થઈ છે. જુલાંઈમાં કમિશનર ઓફ મેટ્રોરેલની ટીમ ઈન્સપેક્શન માટે આવી હતી. તમામ સ્ટેશનો અને ટ્રેકની આખરી તબક્કાની કામગીરીનું નિરીક્ષણ કરાયું હતું. જોકે, હજુ ત્રણ જેટલા સ્ટેશનોનું આખરી નિરીક્ષણ બાકી હોવાનું જાણવા મળ્યુ છે. જેના કારણે જુલાઈના અંત સુધીમાં શરૂ થનાર મેટ્રોટ્રેન નિયત સમયમર્યાદામાં શરૂ થઈ શકી નથી. મેટ્રોરેલ કમિશનરની કચેરી તરફથી સેફ્ટિ મામલે લીલીઝંડી મળ્યા બાદ જ અમદાવાદ ગાંધીનગર વચ્ચે મેટ્રોરેલ શરૂ થશે. આ વર્ષે ગાંધીનગરના સ્થાપના દિવસ પુર્વે ગાંધીનગરવાસીઓને મેટ્રોરેલની સફરનો લ્હાવો મળે તેવી શક્યતા હતી. જોકે, આ સફરનો લાભ ઉઠાવવા માટે હજુ એક મહિનો રાહ જોવી પડે તેવી સ્થિતી છે. પ્રાપ્ત વિગતો મુજબ, સંભવતઃ ઓગષ્ટના અંત સુધીમાં મેટ્રોરેલ કમિશનર તરફથી લીલીઝંડી મળ્યે મેટ્રોરેલ દોડતી થશે.

**નવો વાયદો**